(પી.એ. ૨૧૫૦)

ક્રમાંક:પ્રાશિનિ/૧૨/સંકલન/૨૦૨૦/૩૬૯૪-૩૮૧૨
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં- ૧૨/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ. રા. ગાંધીનગર. તા. ૩૦/૦૭/૨૦૨૦

પ્રતિ,

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

વિષય:- Digital Gujarat Portal પર SC / ST / SEBC /EBC/ NT-DNT/ Minority જાતિના વિદ્યાર્થીઓની પ્રિમેટ્રીક મેટ્રીક શિષ્યવૃતિ / ગણવેશ સહાય યોજનાઓની ઓનલાઇન અમલ કરવા બાબત (વર્ષ ૨૦૨૦-૨૧) (ધોરણ: ૧ થી ૮)

સંદર્ભ:- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ગુ.રા.ગાંધીનગરનો પત્ર ક્રમાંક: વિજક/શિક્ષણ/ ૨૦-૨૧/૧૬૧૨ તા. ૨૯/૦૭/૨૦૨૦

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનુ કે, સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર તથા આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગર હસ્તકની વર્ષ: ૨૦૨૦-૨૧ ની SC / ST / SEBC/ EBC / NT-DNT / Minority જાતિના વિદ્યાર્થીઓ માટેની પ્રિમેટ્રીક શિષ્યવૃતિ/ગણવેશ સહાય યોજનાઓની અમલ Digital Gujarat Portal પર શાળાના આચાર્યશ્રીઓ પાસેથી ઓનલાઇન દરખાસ્તો મંગાવવામાં આવેલ છે.

ઉક્ત બાબતે પ્રાથમિક શાળાઓને તમામ પ્રિમેટ્રીક શિષ્યવૃતિ/ગણવેશ સહાય યોજનાના પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓની એન્ટ્રી ડિજિટલ ગુજરાત પોર્ટલમાં કરવાની, તમામ વિદ્યાર્થીઓની એંટ્રી થઇ ગયા બાદ રાજ્યકક્ષાએથી જ્યારે વિદ્યાર્થીઓના બેંક ખાતાને વેરીફાઇ કરવામાં આવે ત્યારબાદ તમામ વિદ્યાર્થીઓની યોજનાવાર ઓનલાઇન પ્રપોઝલ બનાવવાની સૂચનાઓ જિલ્લાની SC / ST / OBC કચેરીઓએથી અગાઉ આપવામાં આવેલ છે.

આમ, તમામ આચાર્યશ્રીઓને પ્રિમેટ્રીક શિષ્યવૃતિ / ગણવેશ સહાય યોજનાની કામગીરી તાત્કાલિક પૂર્ણ કરાવવા આપની કક્ષાએથી જરૂરી સૂચના આપવા જણાવવામાં આવે છે. ગત વર્ષે આચાર્યશ્રીઓને ડિજિટલ ગુજરાત પોર્ટલ પર શિષ્યવૃતિની કામગીરી કરવા જે ID/ Password આપવામાં આવેલ હતાં. તેની જ મદદથી ચાલુ વર્ષે પણ કામગીરી થઈ શકશે જેની જાણ તમામ આચાર્યશ્રીઓને કરવાની રહેશે.

શાળાકક્ષાએ વિદ્યાર્થીઓની એંટ્રી કરવાની કામગીરી, પ્રપોઝલ બનાવવાની કામગીરી, પ્રપોઝલને ઓનલાઇન સેન્ડ કરવાની કામગીરી સહિતની તમામ કામગીરી તા:૩૧/૦૮/૨૦૨૦ સુધીમાં પૂર્ણ થઇ જાય તે મુજબ આયોજન કરવાનુ રહેશે. વધુમાં, શાળામાં પાત્રતા ધરાવતા કોઇપણ વિદ્યાર્થી શિષ્યવૃતિથી વંચિત ન રહી જાય તેની પણ કાળજી લેવાની રહેશે. ડિજિટલ ગુજરાત પોર્ટલની કામગીરીને સમયમર્યાદામાં પૂર્ણ કરવા માટે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ જે તે ખાતાના જિલ્લા અધિકારીશ્રીના સંપર્કમાં રહીને તથા તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓને સૂચનાઓ આપી સંબધિતો પાસેથી તાત્કાલિક કામગીરી પૂર્ણ કરવા જણાવવામાં આવે છે.

Scanned with CamScanner

Scanned by CamScanner

નં.ક/ક-૩/૫૨૫૬૨૯/ ...
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
...પાસે, કારેલીબાગ
વડોદરા. તા. ૩૧/૦૯/૨૦૨૦

૨/શાળા તેમજ જરૂરી
કાર્યવાહી કરવા સારૂ.

(સહી)
જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા.

પ્રતિ,
આચાર્યશ્રી,
પ્રાથમિક શાળાઓ તમામ
વડોદરા.

Scanned by CamScanner

વધુમાં, ચાલુ વર્ષથી તમામ જિલ્લાઓમાં E-Kuber પધ્ધતિનુ ઇમ્પ્લીમેન્ટેશન શરૂ થયેલ હોય ચાલુ વર્ષથી જે વિદ્યાર્થીઓના ખાતા Dormant / Freeze / Inactive થયેલ હશે કે જે વિદ્યાર્થીઓની બેંક ખાતા/IFSC Code ની વિગતો ખોટી નાખવામાં આવેલ હશે તેવા વિદ્યાર્થીઓને અગાઉની પધ્ધતિ મુજબ બેંક ડ્રાફ્ટ મળી શકશે નહિ તે અંગેની જાણ સંબધિત આચાર્યશ્રીને કરવાની રહેશે.

જે વિદ્યાર્થીઓના ખાતા Dormant / Freeze / Inactive થયેલ હશે કે જે વિદ્યાર્થીઓની બેંક ખાતા/IFSC Code ની વિગતો ખોટી નાખવામાં આવેલ હશે તેની વિગતો જે તે આચાર્યશ્રીએ શાળાના લોગીનમાં જઇ ને Utility → Update Payment Failed Student Account મેનુમાંથી સુધારવાની રહેશે અને હાયર ઓથોરીટીને સેન્ડ કરવાની રહેશે. (જે વિદ્યાર્થીઓના ખાતા Dormant / Freeze / Inactive થયેલ હોય તેવા વિદ્યાર્થીઓના ખાતા સંબધિત બેંકનો સંપર્ક કરી Active કરાવવાના રહેશે. જો ખાતા Active કરાવ્યા વગર ફરી હાયર ઓથોરેટીને સેન્ડ કરી દેવામાં આવશે તો તેવા વિદ્યાર્થીઓને ફરી ઓનલાઇન પેમેન્ટ થઇ શકશે નહિ.

વધુમાં, વિદ્યાર્થીઓના બેંક ખાતાની વિગતો સમયમર્યાદામાં સુધારવામાં આવશે નહિ તો તેવા વિદ્યાર્થીઓને શિષ્યવૃતિનુ ચુકવણું થઇ શકશે નહિ તે અંગેની માહિતી તમામ આચાર્યશ્રીઓને તાત્કાલિક આપવાની રહેશે અને સમયમર્યાદામાં આવા વિદ્યાર્થીઓના ખાતાની વિગતો અપડેટ થઇ જાય તે મુજબનુ આયોજન કરવાનું રહેશે. આમ, તમામ જિલ્લા અધિકારીશ્રીઓને ઉક્ત તમામ બાબતો ધ્યાને લઇ સમયમર્યાદામાં દરખાસ્તો મોકલી આપવા તેમજ વિદ્યાર્થીઓના ખાતા અપડેટ કરવા અંગેની કામગરીનું આયોજન કરવા જણાવવામાં આવે છે. આ સાથે સામેલ સંદર્ભિત પત્રને ધ્યાને લઇ આપના હસ્તકની તમામ પ્રાથમિક શાળાઓને આપની કક્ષાએથી જરૂરી સુચના આપવાની રહેશે.

બિડાણ:- સંદર્ભિત પત્ર.

સંયુકત શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ.રા.ગાંધીનગર

નકલ રવાના જાણ સારૂ . .

- માન. અગ્ર સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર તરફ જાણ થવા વિનંતી સહ.
- માન.સચિવશ્રી, (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, ગાંધીનગર તરફ જાણ થવા સારું.
- નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ, બ્લોકનં.૪/૨,ડો.જીવરાજ મહેતા ભવન, ગુ.રા.ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, બ્લોક નં.-૪/૩, ડો.જીવરાજ મહેતા ભવન, ગુ.રા.ગાંધીનગર તરફ જાણ થવા સારું.

Scanned with CamScanner

Scanned by CamScanner